# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-08-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SATURSDAY** **National News**

### સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી મોદી અને જાપાનના પ્રધાનમંત્રી ઈશિબાએ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક, આર્થિક સહયોગ વધારવા વ્યાપક કાર્યયોજનાને અંતિમ સ્વરૂપ આપ્યું.
2) તિયાનજિનમાં આવતીકાલથી શરૂ થનારી SCOની 25મી કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટ બેઠકમાં પ્રધાનમંત્રી મોદી વૈશ્વિક નેતાઓ સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરશે.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે - વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે.
4) ભારતે 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા સત્તાવાર પ્રસ્તાવ રજૂ કર્યો - અમદાવાદને યજમાન શહેર તરીકે સામેલ કર્યું.
5) અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગઇકાલે ભારતે ચાર સુવર્ણ સહિત વધુ સાત ચંદ્રકો જીત્યા.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM JAPAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઈશિબાએ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક, આર્થિક અને ટેકનોલોજીકલ સહયોગ વધારવા માટે એક દાયકા માટે એક વ્યાપક કાર્ય યોજનાને અંતિમ સ્વરૂપ આપ્યું છે. ગઈકાલે ટોક્યોમાં શિખર સંમેલન વાટાઘાટો પછી બંને નેતાઓએ આ જાહેરાત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું - 15મી ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન દરમિયાન, તેમણે અને પ્રધાનમંત્રી ઈશિબાએ દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરી અને ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવા સંમત થયા.

### [ PM- 10 - વર્ષનો લક્ષ્યાંક]

પ્રધાનમંત્રીએ ભારત અને જાપાનની મુક્ત, શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને નિયમો આધારિત હિન્દ પ્રશાંત ક્ષેત્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

### [PM- 10 - ઈન્ડો-પેસિફિક સહયોગ ]

શ્રી મોદીએ ISRO અને જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી -JAXA વચ્ચે ચંદ્રયાન-5 મિશન માટે થયેલા કરારનું પણ સ્વાગત કર્યું.

આ પ્રસંગે બોલતા, જાપાનના પ્રધાનમંત્રીએ ભારતના પરિવર્તનશીલ વૈશ્વિક પ્રભાવની પ્રશંસા કરી અને જાપાનના અર્થતંત્રમાં કુશળ ભારતીય પ્રતિભાના વધુ એકીકરણ માટે હાકલ કરી.

બાદમાં, પ્રધાનમંત્રી મોદીની જાપાન મુલાકાત અંગે મીડિયાને માહિતી આપતા, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે બંને દેશો સુરક્ષા સહયોગ પર સંયુક્ત ઘોષણાપત્ર અપનાવવા સંમત થયા છે, જે શાસન પર આધારિત મુક્ત, , શાંતિપૂર્ણ અને આર્થિક રીતે ગતિશીલ હિન્દ પ્રશાંત ક્ષેત્ર માટે એક સહિયારા દ્રષ્ટિકોણને મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . .

# SCO SUMMIT

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ની 25મી કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટ મીટિંગ આવતીકાલે ચીનના તિયાનજિનમાં શરૂ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસીય સમિટમાં હાજરી આપશે અને વૈશ્વિક નેતાઓ સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરશે.

આ સમિટ વૈશ્વિક શાસનમાં નવા ધોરણોને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને પ્રાદેશિક સુરક્ષા, કનેક્ટિવિટી, ટકાઉ વિકાસ અને સભ્ય દેશો વચ્ચે એકતા વધારવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધી પાસેથી

**(V\C RITESH KAPOOR)**

. . . . . . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HM GUJARAT

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. આ પ્રસંગે તેઓ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે.**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે સાંજે અમદાવાદના જોધપુર અને વસ્ત્રાપુરમાં ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. આવતીકાલે સવારે ઓગણજ અને ચાંદલોડિયામાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. જ્યારે રાણીપ અને નવા વાડજમાં વૃક્ષારોપણ કરશે. અમદાવાદ ભદ્રકાળી માતાના દર્શન કરશે અને લાલ દરવાજા ખાતે સરદાર બાગનું લોકાર્પણ કરશે. તેઓ આવતીકાલે સાંજે ગાંધીનગરમાં DIAL 112 અંતર્ગત શરૂ થયેલા જનરક્ષક પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH-MUMBAI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગણેશોત્સવમાં હાજરી આપવા માટે ગઈકાલે સાંજે મુંબઈની બે દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. શ્રી શાહ ઉત્સવ દરમિયાન પ્રખ્યાત ગણેશ પંડાલ લાલબાગ કા રાજા સહિત વિવિધ ગણેશ પંડાલોની પણ મુલાકાત લેશે.

શ્રી શાહ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળશે અને રાજ્યની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, ચાલી રહેલા મરાઠા વિરોધ પ્રદર્શનો અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટીની તૈયારીઓ અંગે ચર્ચા કરશે. ગૃહમંત્રી શાહ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવારને પણ મળી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના કર્ણાટક, હિમાચલ પ્રદેશ, પંજાબ અને ઉત્તરાખંડમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ઉત્તરપૂર્વ, બિહાર, રાજસ્થાન, ગુજરાત, દિલ્હી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે.

આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, બિહાર, જમ્મુ અને કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા અને પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં છૂટાછવાયા સ્થળોએ વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની સંભાવના છે.

હવામાનશાસ્ત્રીએ જણાવ્યું હતું કે આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે, જેમાં આવતીકાલ સુધી હિમાચલ પ્રદેશ અને 2 સપ્ટેમ્બર સુધી ઉત્તરાખંડમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડશે.

. . . . . . . . . . . . . .

# COMMONWEALTH GAMES

ભારતે 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે પોતાનો સત્તાવાર પ્રસ્તાવ રજૂ કર્યો છે,

અગાઉ, ભારતે 2010 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. ભારતીય કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન અને ગુજરાત સરકાર વતી ગઈકાલે લંડનમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે સમક્ષ ઔપચારિક બોલી રજૂ કરવામાં આવી હતી. આ બોલીમાં અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ માટે યજમાન શહેર તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

દરખાસ્ત રજૂ કર્યા પછી, ગુજરાતના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો પ્રસ્તાવ ભારતની સુગમ અને સમાવેશી રમતગમત કાર્યક્રમ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષાએ જણાવ્યું હતું કે આ બિડ સમગ્ર રાષ્ટ્રની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ ભારતની રમતગમત ક્ષમતાઓ અને સમાવેશકતાના મૂલ્યો પ્રદર્શિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## COMMONWEALTH WEIGHTLIFTING CHAMPIONSHIPS

અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025માં ગઇકાલે ભારતે ચાર સુવર્ણ સહિત વધુ સાત ચંદ્રકો જીત્યા છે.

પર્થ ચૌધરી એ યૂથ અને જૂનિયર બંને કેટેગરી માં 94 કિલો વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા. સાઇરજે જૂનિયર મેન્સ અને શાહ હુસેને યૂથ મેન્સ 88 કિલો વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા

દિલબાગ સિંહે પુરુષોની 94 કિગ્રા શ્રેણીમાં રજત અને વંશિતા વર્માએ મહિલાઓની 86 કિલો શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. દિલબાગ સિંહે સ્નેચમાં 153 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 189 કિગ્રા વજન ઉપાડીને કુલ 342 કિગ્રા વજન ઉપાડ્યું. વંશિતા વર્માએ કુલ 222 કિગ્રા વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

આ ચેમ્પિયનશિપમાં 31 દેશોના 300 થી વધુ વેઇટલિફ્ટર્સ ભાગ લઈ રહ્યા છે. કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આજે અંતિમ દિવસ છે. ભારતે આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં કુલ 36 ચંદ્રકો જીત્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

આજના સમાચારપત્રોમાં ભારતનો GDP વૃદ્ધિદર,જાપાનનું ભારતમાં રોકાણ, બિટકોઈન ખંડણી કેસ, રાજ્યમાં વરસાદ જેવા સમાચારોને સ્થાન આપ્યું છે.

દેશનું અર્થતંત્ર બુલેટટ્રેન ગતિએ દોડી રહ્યું છે, જીડીપીનો દર 7.8 ટકા નોંધાયો આ સંદેશની હેડલાઇન છે, જ્યારે અર્થતંત્ર મજબૂત રૂપિયો નબળો આ હેડ લાઇન ફૂલછાબની છે. તો ટેરિફ ટેરર વચ્ચે ભારતનો જીડીપી વૃદ્ધિ ડર 7.8 ટકા આ હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે.

ગુજરાત સમચારે જાપાન 10 વર્ષમાં ભારતમાં 6 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે અને પૂર્વ MLA નલિન કોટકીય, SP જગદીશ પટેલ સહિત 14 ને જન્મટીપ આ સમાચારો પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

દિવ્ય ભાસ્કરે જાપાન 10 વર્ષમાં ભારતમાં 6 લાખ કરોડનું રોકાણ કરશે, રોડમેપ તૈયાર, રિલાયન્સ જિયોનો આઇપીઓ 2026ના પ્રથમ ત્રિમાસિકમાં, વિખ્યાત તરણેટર મેળો સંપન્ન – 5 લાખથી વધુ શ્રદ્ધાળુ પહોંચ્યા જેવા સમાચારોને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

નવ ગુજરાત સમયે 10 ટ્રિલિયન યેનનું રોકાણ, 10 વર્ષનો આર્થિક રોડમેપ એવા મથાળા સાથે હેડલાઇન બનાવી છે, આ ઉપરાંત ચીન સાથે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા તૈયાર મોદી, ભારતને ડેડ ઈકોનોમી કહેનાર ટ્રમ્પને લપડાક વૃદ્ધિ દર વધીને 7.8 ટકા અને ઉત્તરાખંડમાં વાદળ ફાટવાથી પંચ લોકોના મોત, 11 વ્યક્તિની ભાળ મળતી નથી એવા મથાળા સાથે સમાચારો પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

ફૂલછાબે જાપાન ટેક પાવર હાઉસ, ભારત ટેલેન્ટ પાવર હાઉસ PM મોદી આ લાઇન સાથે જ્યારે બિટકોઈન ખંડણી કેસમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયા સહિત 14ને આજીવન કેદ આ સમાચારો પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . .